# ભક્તિ, શક્તિ અને શ્રધ્ધાનો ત્રિવેણી સંગમ

## અંબાજી મેળો બન્યો મિની મહાકુંભ : માઇભક્તોમાં શ્રધ્ધાનો મહાસાગર હિલોળે ચડ્યો





પાલનપુર, તા.૪

ભક્તિ, શક્તિ અને શ્રધ્ધાના ત્રિવેણી સંગમ સમાન અંબાજી ભાદરવી મહામેળો મિની મહાકુંભ સમાન બન્યો છે. માઈભક્તોમાં શ્રધ્ધાનો મહાસાગર જાણે હિલોળે ચડ્યો છે. અંબાજી વિસ્તારમાં રસ્તાઓ ઉપર માનવ પ્રવાહને જોઈને આર્શ્વય અને આનંદની લાગણી થાય છે. પદયાત્રિકોના ચહેરા જોઈને સ્પષ્ટન જણાય છે કે દુરદુરથી આવતા આ માઈભક્તોને અત્યારે બસ માતાજીનું નામ જ યાદ છે. અંબાજી મેળો હવે અંતિમ ચરણમાં પહોંચી રહ્યો છે.

ભાદરવી મહામેળાના આ પવિત્ર અવસરે લાખો શ્રધ્ધાળુઓએ અંબાજી આવી માતાજીના ચરણે મસ્તક નમાવી ધન્ય બન્યા છે. અંબાજીમાં યાત્રિકોની વિશાળ સંખ્યા જોવા મળે છે. દર્શન માટે બે-બે રેલીંગ, રાત્રિના ૧-૩૦ વાગ્યા સુધી દર્શન કરવાની સગવડ અને પરત જવા માટે પુરતી સંખ્યામાં એસ.ટી.બસો હોવાને લીધે પદયાત્રિકો જે પ્રમાણે અંબાજીમાં ઉમટી રહ્યા છે તે જ પ્રમાણે પોતાના ઘેર સુખરૂપ પરત પણ જઈ રહ્યા છે. આવી સરસ વ્યવસ્થા હોવાના લીધે લોકોને કોઈ મુશ્કેલી પડતી નથી. રાજયભરમાંથી દૂર દૂરથી લોકો અંબાજી ઉમટી રહ્યા છે. ઘણા પદયાત્રિકોએ જણાવ્યુ કે દૂર દૂરથી ચાલીને અંબાજી આવવાનો લ્હાવો જીવનભર યાદ રહે છે.



### કેન્દ્રીય મંત્રીશ્રી હરીભાઇ ચૌધરીએ માતાજીની પૂજા-અર્ચના કરી

વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે ભાદરવી પૂનમના મહામેળા દરમ્યાન કેન્દ્રીય ખાણ અને ખનીજ વિભાગના રાજયમંત્રીશ્રી હરીભાઈ ચૌધરીએ અંબાજી મુકામે ભક્તિભાવપૂર્વક માતાજીના દર્શન અને પૂજા-અર્ચના કરી હતી. આ પ્રસંગે તેમણે કહ્યું કે માતાજીના ભક્તો માટે તંત્ર ધ્વારા જમવાની, પીવાના પાણીની, વિસામા અને સુરક્ષા સહિત તમામ વ્યવસ્થાઓ ખુબ સરસ રીતે ગોઠવવામાં આવી છે તે માટે ભારત સરકાર તરફથી તંત્રને અભિનંદન પાઠવું છું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી દિનેશભાઈ દવે, કલેકટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેનશ્રી દિલીપ રાણા, પોલીસ અધિક્ષકશ્રી નિરજ બડગુજર સહિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગબ્બર પર પણ માઈ ભક્તોની ભારે ભીડ

માતાજીના મૂળ પ્રાગટ્ય સ્થાન મનાતા ગબ્બર પર્વત ખાતે પણ માઈભક્તોની ભારે ભીડ રહે છે. અંબાજી દર્શનાર્થે આવતા યાત્રીકો પૈકી ઘણા યાત્રીકો ગબ્બર પર્વત ઉપર દર્શન કરવા અચૂક જાય છે. ગબ્બર મુકામે ૫૧ શક્તિપીઠોનું નિર્માણ થતાં માઈભક્તો હવે અંબાજી આવીને દર્શન કરી ધન્યતાનો અનુભવ કરે છે.ગબ્બર ઉપર જવા માટે રોપ-વે અને પગથિયાની સગવડ હોવાથી માઈક્તોને સુવિધા મળે છે. ગબ્બર પર્વત ખાતે પણ જિલ્લા વહીવટીતંત્ર અને અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ ધ્વારા વ્યાપાક સુવિધાઓ કરવામાં આવી છે. મેળા પ્રસંગે વહીવટીતંત્ર ધ્વારા ગોઠવાયેલ તમામ વ્યવસ્થાઓ વીજળી, આરોગ્ય, સુરક્ષા, સ્વચ્છતા, વિનામૂલ્યે ભોજન, વિસામા, પરિવહન વગેરે સરસ રીતે જળવાઈ રહી છે.

અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ તરફથી મળેલ વિગતો પ્રમાણે તા.૪ સપ્ટોમ્બરના સાંજના ૪.૩૦ વાગ્યા સુધીમાં ૧૪.૫૬ લાખ પ્રસાદના પેકેટોનું વિતરણ કરવામાં આવ્યુ હતુ, ૨.૬૮ લાખ યાત્રિકોએ વિનામૂલ્યે ભોજનનો લાભ લીધો હતો, દેવસ્થાન ટ્રસ્ટની કૂલ આવક રૂ. ૨.૯૫ કરોડની થઈ હતી, ૫.૧૧ લાખ યાત્રિકોએ બસમાં મુસાફરી કરી હતી તેમજ ૩૩૩૫ ધજાઓ ચડાવવામાં આવી હતી.

# મહેસાણા જિલ્લામાં કડી ખાતેથી ઉત્તર ઝોન કક્ષાનો કલા ઉત્સવનો પ્રારંભ

મહેસાણા, તા.૪

ભારતની ભાતીગળ અને પ્રાચીન સંસ્કૃતિને ટકાવવી અને ઉજાગર કરવા અને વિધાર્થીઓના બાળ માનસમાં રહેલી સુષુપ્ત કળાઓને નીખારી વેગવંતી કરવાનું કામ એન.સી.ઈ.આર.ટી દિલ્હી દ્વારા પ્રેરીત આર.એમ.એમ.એ અંતર્ગત ગુજરાત રાજ્યમાં ઉત્તર ઝોન કક્ષાનો કલા ઉત્સવ ૨૦૧૭નો મહેસાણા જિલ્લાના કડી ખાતે આજે રોજ રાજ્યના મહેસુલ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ દિપ પ્રગટાવી ખુલ્લો મકુ?યો

ઉત્તર ઝોન કલા ઉત્સવ ૨૦૧૭માં કચ્છ, ગાંધીનગર, પાટણ, બનાસકાંઠા, મોરબી, મહેસાણા, સાબરકાંઠા અને સુરેન્દ્રનગર આઠ જિલ્લાના સરકારી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક,માધ્યમિકિશાળાઓના ૪૦૦ જેટલા યુવા કલા કસબી વિધાર્થીઓ તેમની પારંગતા નાટ્યકલા, નૃત્યકલા, સંગીત કલા અને દશ્ય શ્રાવ્ય કલામાં દર્શાવી રહ્યા છે.

આ પ્રસંગે મહેસુલ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ કલા



મહોત્સવ ૨૦૧૭ માં ભાગ લઈ રહેલા યુવા કલા કસબી વિધાર્થીઓને સ્પર્ધામાં શ્રેષ્ઠત્તમ પ્રસ્તુતી કરવા પ્રોત્સાહન અને પ્રેરણા આપતા જણાવ્યું હતું કે, શિક્ષણમાં અક્ષરજ્ઞાન સાથે સંસ્કાર જરૂરી છે તે બન્નનો સમન્વય દેશના સારા નાગરિકનું નિર્માણ કરે છે.

પ્રારંભમાં મહેસાણા જિલ્લા કલેકટરશ્રી એચ. કે. પટેલે મહેમાનોને આવકારી ઉત્સવ ૨૦૧૭ના સ્પર્ધક વિધાર્થીઓ તેમનીમાં છુપાયેલ વિશિષ્ટ કલાઓને જિલ્લાઓની સંસ્કૃતિઓથી આવિર્ભાવ પામવાના અવસર ઉજવણી સમાન છે.

ઉત્તર ઝોન કલા ઉત્સવમાં ૨૦૧૭માં વિધાર્થીઓ સમુહોમાં પણ સાંપ્રત સમયમાં સામાજિક પ્રશ્નોને તલ ઉજાગર કરતા અને સમાજ સંદેશા આપતા વિષયોને આવરી લઈ તેમની કલા કૃતિઓ રજુ કરી હતી.

# કડી એ.પી.એમ.સી ખાતેથી મા નર્મદા મહોત્સવનો પ્રારંભ કરાશે

મહેસાણા, તા.૪

ગુજરાતની જીવાદોરી બહુહેતુક નર્મદા યોજનાના સરદાર સરોવર ડેમના દરવાજા બંધ કરવાના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્ર સરકારે આપેલા ઐતિહાસિક નિર્ણયને પગલે ગુજરાતના ભાવિ વિકાસના દ્વાર ખૂલ્યા છે. આ ઐતિહાસિક નિર્ણયને જનભાગીદારીથી ઉમંગ-ઉત્સવ તરીકે રાજયમાં મા-નર્મદા મહોત્સવથી ઉજવવાનું રાજય સરકારે નક્કી કર્યુ છે.જે અંતર્ગત મહેસાણા જિલ્લામાં ૦૬ સપ્ટેમ્બરથી નર્મદા મહોત્સવનું આયોજન કરાયું છે. મહેસાણા જિલ્લામાં ૦૬ સપ્ટેમ્બરથી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન મા નર્મદા યાત્રા તાલુકાના ગામોમાં પરિભ્રમણ કરનાર છે.

જિલ્લામાં ૦૬ સપ્ટેમ્બરથી દશ દિવસ સુધી જિલ્લાના ૩૪૧ ગામોમાં ત્રણ રથ પરિભ્રમણ કરશે. જેમાં ઉંઝા તાલુકામાં ૦૬, મહેસાણા તાલુકામાં ૯૫, જોટાણા તાલુકામાં ૩૬, કડી તાલુકામાં ૧૧૦, બેચરાજી તાલુકામાં ૫૨, વિસનગર તાલુકામાં ૦૮, વડનગર તાલુકામાં ૦૫, ખેરાલું તાલુકામાં ૧૧, વિજાપુર તાલુકામાં ૧૮ મળી જિલ્લાના ૩૪૧ ગામોમાં ૨૭ રૂટમાં પરિભ્રમણ કરનાર છે.

મહેસાણા જિલ્લામાં ૦૬ સપ્ટેમ્બરે કડી એ.પી.એમ.સી ખાતેથી સવારે ૦૯-૩૦ કલાકે નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે મા નર્મદા મહોત્સવનો પ્રારંભ થનાર છે.આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ પાઠવેલ છે.



### જે.બી. પ્રાથમિક શાળાની કબડ્ડી ટીમ જિલ્લા કક્ષાએ વિજેતા

રાજ્ય સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ અંતર્ગત વિવિધ રમતોમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કબડ્ડીની ટીમ જિલ્લાકક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રાજ્યકક્ષાની સ્પર્ધામાં પસંદગી પામેલ છે. શાળાકીય અભ્યાસની સાથે સાથે રમત-ગમતમાં પણ રસ દાખવી નામના પ્રાપ્ત કરનાર તથા શાળા અને ગાંધીનગરનું ગૌરવ વધારનાર વિદ્યાર્થીઓને શાળાના આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે તથા સ્ટાફ પરિવારે ખેલાડીઓ ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે તેવા આશીર્વાદ સાથે અભિનંદન પાઠવ્યા છે.

## જિલ્લામાં વિવિધ સહકારી મંડળીઓને ફડચામાં લઈ જવાઈ

મહેસાણા, તા,૪

મહેસાણામાં માલોસણ સેવા મંડળી વિજાપુર, ઓ.એન.જી.સી લેન્ડ લુઝર્સ ટ્રાવેલ્સ ટ્રાન્સપોર્ટ કો-ઓપરેટીવ મહેસાણા,વિસનગર શહેર મજુર કામદાર,ધી સર્વોદય મજુર કામદાર સહકારી મંડળી બ્રાહ્મણવાડા,સિધ્ધપુર તાલુકા મજુર કામદાર સહકારી મંડળી કહોડા,રોનક મજુર કામદાર સહકારી મંડળી ચંદ્રોડાને ફડચમાં લઈ જવાઈ છે. જેના ફડચા અધિકારીની નિમણુંક કરાઈ છે.આ અંગેના હિત સંબધિતીઓ સમય મર્યાદામાં બ્લોક નં ૩,બહુમાળી મકાન,બીજો માળ મહેસાણાનો સંપર્ક સાધવાનો રહેશે તેમ ફડચા અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયુ છે.



### પ્રાંતિજના દલપુર ખાતે હર્ષોલ્લાસપૂર્વક ગણેશજીનું વિસર્જન કરાયું

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાનાં દલપુર ખાતે દુંદાળા દેવ ગણપતિ વિસર્જન વાજતે-ગાજતે કરવામાં આવ્યું હતું. પ્રાંતિજના દલપુર ગામે કિષ્ણા મિત્ર મંડળ આયોજીત ગણપતિ મહોત્સવ યોજાયો હતો. જેમાં દર વરસની જેમ વિઘ્નહર્તાની દસ દિવસ માટે સ્થાપના કરવામાં આવી હતી અને દસમાં દિવસે બપોરે તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા પ્રદિપસિંહ રાઠોડ દ્વારા દાદાની આરતી ઉતારવામાં આવી હતી અને ડીજેની ધૂન સાથે વાજતે-ગાજતે ગામમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી અને અગલે બરસ તુ જલ્લી આનાની સાથે ફટાકડા ફોડી નાચગાન કરતાં ગણેશ ભકતો જોવા મળ્યા હતાં અને ગણેશ મૂર્તિનું ગામના તળાવમાં વિસર્જન કરવામાં આવ્યું હતું.

## ખેડબ્રહ્મા કોલેજમાં નિબંધ સ્પર્ધા યોજાઈ

ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મા દ્વારા 'સ્વર્ણિમ ગુજરાત સપ્તધારા' અંતર્ગત સર્જનાત્મક અભિવ્યક્તિધારા સમિતિના સંયોજક પ્રા. ડૉ. કે.એન. બ્લોચ અને સહસંયોજક પ્રા. ડૉ. એ.બી. બ્રહ્મભટ્ટ તથા ડૉ. એચ.એસ. સુથારના માર્ગદર્શન હેઠળ તા. ૨૪-૮-૨૦૧૭, ગુરૂવારના રોજ નિબંધલેખન સ્પર્ધાનું આયોજન કરાયું હતું. તેમાં પ્રથમ ક્રમાંકે અંગારી અશોકકુમાર ડી. રબારી (બી.એ.સેમ.૫), રંજન બી. રાઠોડ (બી.એ.સેમ.૩), ચિંતન આર. બુબડિયા (બી.એ.સેમ.૫), અલકેશભાઈ બી. (બી.એ. સેમ.૫) વિજેતા નીવડ્યાં હતા.

# પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ કમાલપુર શીતકેન્દ્ર પાસે કારમાં આગ લાગી

## કારમાં સવાર પતિ-પત્નિ સહિત ચાર વર્ષની બાળકીનો આબાદ બચાવ

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના નેશનલ હાઈવે આઠ શીતકેન્દ્ર પાસે એક કારમાં આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી. જ્યારે કારમાં સવાર પરિવારનો આબાદ બચાવ થયો હતો.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના કમાલપુર શીતકેન્દ્ર પાસે અમદાવાદથી હિંમતનગર તરફ પસાર થતી જેન કાર નં-જીજે.૯.એજી.૫૬૦૦ માં અચાનક આગળના ભાગે એસીની અંદરથી ધુમાડા નિકળતા કારચાલક નિષાંણભાઈ રાવલે રોડની સાઈડમાં કાર ઉભી કરી હતી અને પત્ની વૈશાલીબેન રાવલ અને ચાર વર્ષની બાળકી દિવ્યાંશીને ગાડીમાંથી ઉતારી બાજુમાં મોકલી દીધા હતા. જયારે તેવોએ ગાડીમાંથી સામાન કાઢવા લાગ્યા હતાં પણ જોત જોતામાં આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા થોડી વારમાં જ આગ કારમાં પકડાઈ જઈ હતી. તો પર્સ સહિતનો અન્ય સામાન બળીને ખાખ થઈ ગયો હતો. જયારે પ્રાંતિજ



ફાયરને જાણ થતાં ફાયર ટીમ ઘટનાસ્થળે દોડી આવી આગ હોલવી હતી. પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી અને ટ્રાફિક હળવો કર્યો હતો. જ્યારે વાયુવેગે સમાચાર પ્રસરી જતા લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

## ખેડબ્રહ્મા કોલેજ દ્વારા પદયાત્રીઓ માટે સેવા કેમ્પ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૪

અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત ડી.ડી. ઠાકર આર્ટસ એન્ડ કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્માના એન.એસ.એસ. વિભાગ દ્વારા પદયાત્રીઓ માટે સેવા કેમ્પનું આયોજન તા. ૩૧-૮-૧૭થી કરવામાં આવ્યું હતું. ભાદરવી પૂનમના મેળા નિમિત્તે લાખોની સંખ્યામાં ભક્તો પગપાળા પોતાની મનોકામના પૂરી કરવા માટે દર વર્ષે અંબાજી માતાજીના મંદિરે જતાં હોય છે. આ પદયાત્રીઓને વિનાવિઘ્ને પોતાની યાત્રા પૂર્ણ કરી શકે એ માટે કોલેજના એન. એસ. એસ.ના સ્વયંસેવકો દ્વારા ઉન્ડવા-ખેડબ્રહ્મા હાઈવે પર મિનરલ પાણીનું વિતરણ કરવામાં આવ્યું હતું. કોલેજના પ્રિન્સિપાલ એન.ડી. પટેલ દ્વારા આ સેવા કેમ્પનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ સેવા કેમ્પનું સંચાલન એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડૉ. એચ.એસ. સુથાર અને પ્રા. ડૉ. જે.એસ. રાઠવાએ કર્યુ હતું.

# ડીસા ખાતે ભારત વિકાસ પરિષદ દ્વારા રાષ્ટ્રીય સમૂહ ગાન સ્પર્ધા સંપન્ન

સંપર્ક, સહયોગ, સંસ્કાર, સેવા અને સમર્પણ જેવા જીવન વિકાસમાં સહભાગી ગુણોનું સિંચન કરીને ઉત્તમ નાગરિકોનું ઘડતર કરતી અને રાષ્ટ્રના ચારિત્ર્ય નિર્માણમાં અગ્રેસર સેવાભાવિ સંસ્થા ભારત વિકાસ પરિષદ, ડીસા શાખા દ્વારા આયોજીત રાષ્ટ્રીય સમૂહ ગાન સ્પર્ધા-૨૦૧૭ લાયન્સ હોલ, ડીસામાં સંગીતમય વાતાવરણમાં ધામધૂમથી સંપન્ન થઈ.

આ સમારોહના આમંત્રિત મહેમાન ડૉ. સંજયભાઈ ગાંધી, ડૉ. પ્રવિણભાઈ ઠક્કર, ગફુલભાઈ દેસાઈ વિશેષ ઉપસ્થિતિ એન.એલ. ડામોર (મામલતદારશ્રી એન્ડ એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટશ્રી-ડીસા) તથા લાલુભાઈ દેસાઈ (જિલ્લા બૌદ્ધિક પ્રમુખ રા.સ્વં. સે.સંઘ) ભા.વિ.પ. તથા ડીસા નગરના ગણમાન્ય મહાનુભાવોએ ઉપસ્થિત રહીને આ પ્રસંગને શોભાવ્યો હતો. નિર્ણાયક તરીકે રાકેશભાઈ આચાર્ય, ધર્મેશભાઈ પ્રજાપતિ તેમજ તેમની ટીમે સુંદર સેવાઓ પુરી પાડીને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

સંગીત ગુરૂ આષુતોષભાઈ દવે, રંગત ઓરકેસ્ટ્રાવાળા અને સંગીત મર્મજ્ઞ મિત્રોએ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં પ્રાથમિક વિભાગ-૭ ટીમ અને માધ્યમિક વિભાગની-૭ ટીમ તથા બે ટીમોએ લોકગીત રજુ કરી તથા એક ટીમ સંસ્કૃત ગાન રજુ કરી ૧૭ શાળાઓએ પોતાની કૃતિઓ રજુ કરીને વાતાવરણને રાષ્ટ્રીય ચેતનાથી ભરી દીધુ હતુ.

રાજેશભાઈ ત્રિવેદી, નીરવભાઈ ચાંપાનેરી, એન્કરીંગમાં સહયોગ આપીને કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો. શાખા પ્રમુખ ભુપેશભાઈ ત્રિવેદી, મંત્રી જયેશભાઈ દેસાઈ, કાર્યક્રમના મુખ્ય સંયોજક નીરવભાઈ ચાંપાનેરી, સહસંયોજક મિલનભાઈ જોષી તથા ડૉ. પ્રધુમનભાઈ અગ્રવાલ તેમજ ડૉ. અજયભાઈ જોષી, ડૉ. મનોજભાઈ અમીન, નાથાલાલ બ્રહ્મક્ષત્રીય, મહેશભાઈ જોષી,



પારસભાઈ ત્રિવેદી, પરેશભાઈ જીવરાણી, હરેશભાઈ ઠક્કર, કાંતીભાઈ દોશી, મેહુલભાઈ સોની, કનુભાઈ હાલાણી, મહેશભાઈ ભટ્ટ, રમેશભાઈ શાહ, ભાવેશભાઈ ઠક્કર, ડૉ. તુષારભાઈ શાહ, ડૉ. વિશાલભાઈ ઠક્કર, લલીતભાઈ સોની, દેવેન્દ્રભાઈ શાહ તથા મહિલા પાંખના સભ્યો ગીતાબેન ત્રિવેદી, રીનાબેન પટેલ, અમીતાબેન જોષી વગેરેએ ખુબજ જહેમત ઉપાડીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## કાંકરેજ તાલુકાના આકોલી ગામે જાહેર માર્ગો પર પાણીનો ભરાવ થવાથી ગંદકી

કાંકરેજ, તા. ૪

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના આકોલી ગામે વરસાદી પાણીનો નિકાલ જે ગ્રામ પંચાયત દ્વારા કરવો જોઈએ તે નહિ કરાતાં ગામના રસ્તા ઉપર ગુડા સમા પાણી ભરાયા છે. ત્યારે આકોલીથી ખોડા જવાના માર્ગ અને મકાન વિભાગના રોડ ઉપર વરસાદી પાણી ભરાતા ૩ ફૂટથી પાંચ ફૂટ લાંબા અને દોઢ ફૂટ જેટલા ઊંડા ખાડા પડી જવા પામ્યા છે. જો કે ગ્રામ પંચાયત અને માર્ગ મકાન વિભાગ દ્વારા સ્થાનિક લોકોને નોટીસો પાઠવી જાહેર માર્ગો ઉપર પાણીનો નિકાલ કરવા જણાવવામાં આવે તે જરૂરી બનવા પામ્યુ છે. પરંતુ આ નઘરોળ તંત્ર દ્વારા આજ દિવસ સુધી આવી કોઈ કામગીરી કરવામાં આવી નથી. જો કે ગ્રામ પંચાયત આકોલી પોતાના લાભ ખાતર આ પાણીનો ભરાવો કરી મુક્યો છે. જો કે રોડ નવો બનાવવામાં આવે આ રોડ સતત ત્રણવાર બનાવામાં આવ્યો છે. પરંતુ સ્થાનિક રહિશોનું પાણી રોડ ઉપર ભરાવાથી રાહદારી અને વાહન ચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. અને ખોડા તરફના રસ્તા ઉપર પણ આવી જ હાલત થઈ છે. ત્યારે માર્ગ અને મકાન વિભાગ દ્વારા પોતાના અંડરમાં આવતી જમીનમાં ગટરલાઈનની વ્યવસ્થા અથવા રોડ ઉંચો કરવામાં આવે તે જરૂરી બનવા પામ્યુ છે. જોકે ગ્રામજનો અને રાહદારીઓ તંત્ર તમાશો જોઈ રહ્યું છે તેવી વાતોમાં મશગુલ છે. ત્યારે જાગૃત લોકો દ્વારા તંત્રને આ બાબતે હેમુભા વાઘેલાએ જાણ કરેલ છે. ત્યારે હવે આ રોડની કામગીરી ક્યારે કરવામાં આવે છે તે જોવું રહ્યું.

## જિલ્લામાં તાલુકા મથકોએ રોજગારી નોંધણી કેમ્પ યોજાશે

જિલ્લામાં તાલુકા મથકોએ ૦૭ સપ્ટેમ્બર, ૨૧ સપ્ટેમ્બર વિજાપુર આરામ ગૃહ ખાતે, ૧૧ સપ્ટેમ્બર ખેરાલું તાલુકા પંચાયત, ૧૮ સપ્ટેમ્બર ઉંઝા તાલુકા પંચાયત, ૨૬ સપ્ટેમ્બર કડી તાલુકા પંચાયત ખાતે નોંધણી કેમ્પનું આયોજન કરાયું છે તેમ રોજગાર અધિકારી જણાવાયું છે.